# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી તાજેતરના તણાવ પર ચિંતા વ્યક્ત કરી
2) ઈરાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા સંસ્થાની આવતીકાલે બેઠક
3) ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલા પછી રેડિયેશનમાં કોઈ વધારો થયો ન હોવાની આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા સંસ્થા એ પુષ્ટિ કરી
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું સભ્ય સમાજમાં હિંસા અને લાલ આતંકવાદને કોઈ સ્થાન નથી.
5) મધ્યપ્રદેશ અને ગુજરાતમાં આવતીકાલ સુધી ભારે વરસાદનું રેડ એલર્ટ

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI - IRAN PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે વાત કરી અને ઈરાન અને ઇઝરાયલ વચ્ચે તાજેતરના તણાવ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે વર્તમાન પરિસ્થિતિ વિશે વિગતવાર ચર્ચા કરી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તેમણે તાત્કાલિક તણાવ ઓછો કરવા, સંવાદ અને દરમિયાનગીરીની હાકલ કરવા  અને પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપના માટે અપીલનો પુનરોચ્ચાર કર્યો.

રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વિગતવાર માહિતી આપી અને પ્રદેશની વર્તમાન પરિસ્થિતિ પર પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો. શ્રી મોદીએ જણાવ્યું કે ભારત શાંતિ અને માનવતાના પક્ષમાં છે.

પ્રધાનમંત્રીએ ભારતીય સમુદાયના સુરક્ષિત વાપસી અને સ્વદેશ પરત ફરવા માટે સતત સમર્થન આપવા બદલ રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાનનો આભાર માન્યો.

. . . . . . . . . . .

# REV. IAEA- US STRIKES

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા સંસ્થા-IAEA ના વડા રાફેલ ગ્રોસીના જણાવ્યા અનુસાર, ઈરાનમાં તાત્કાલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી (IAEA) આવતીકાલે એક તાકીદની બેઠક યોજશે.

આજે એક સોશિયલ મીડિયા સંદેશમાં ગ્રોસીએ કહ્યું કે, ઈરાનના  પરમાણુ ઠેકાણા પર અમેરિકન લશ્કરી હુમલા પછી તેઓ એજન્સીના બોર્ડ ઓફ ગવર્નર્સની કટોકટી બેઠક બોલાવી રહ્યા છે.

દરમિયાન, ઈરાનના પરમાણુ વડા મોહમ્મદ ઇસ્લામે IAEA ને પત્ર લખીને કહ્યું છે કે તેહરાન અમેરિકાના હુમલાઓની તપાસ ઇચ્છે છે અને વોચડોગને યુએસ કાર્યવાહીની નિંદા કરવા વિનંતી કરી રહ્યું છે.

અગાઉ, IAEA એ પુષ્ટિ કરી હતી કે અમેરિકા દ્વારા ઈરાનમાં ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યા પછી રેડિયેશનના સ્તરમાં "કોઈ વધારો" થયો નથી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ નિરીક્ષક સંસ્થાએ પુષ્ટિ આપી છે કે અત્યાર સુધી સ્થળની બહાર રેડિયેશન સ્તરમાં કોઈ વધારો થયો નથી. તેણે ઉમેર્યું હતું કે વધુ માહિતી ઉપલબ્ધ થતાં વધુ મૂલ્યાંકન પ્રદાન કરવામાં આવશે.

. . . . . . . . . . .

## ISRAEL STRIKE - IRAN

ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે અમેરિકાએ ઇરાનના પરમાણુ સ્થળો પર હુમલો કર્યા પછી, તેણે આજે પશ્ચિમ ઈરાનમાં મિસાઇલ લોન્ચર્સ સહિત લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવીને નવી શ્રેણીબદ્ધ હુમલાઓ કર્યા હતા.

અગાઉ ઈરાને પણ આજે વહેલી સવારે ઓપરેશન "ટ્રુ પ્રોમિસ 3" ના ભાગ રૂપે ઇઝરાયલ પર વર્ષનો સૌથી મહત્વપૂર્ણ મિસાઇલ હુમલો કર્યો, જેમાં વેવ 20 એ બેન ગુરિયન એરપોર્ટ, જૈવિક સંશોધન કેન્દ્રો અને કમાન્ડ

અને નિયંત્રણ સુવિધાઓને નિશાન બનાવી. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે પુષ્ટિ આપી કે આ હુમલાઓ તાજેતરમાં ઈરાની પ્રદેશ પર યુએસ અને ઇઝરાયલી હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા, જે ચાલી રહેલા પશ્ચિમ એશિયાઈ સંઘર્ષમાં ખતરનાક વધારો દર્શાવે છે જે હવે તેના બીજા અઠવાડિયામાં પ્રવેશી ગયો છે.

. . . . . . . . . . .

# WORLD LEADER - US-IRAN

ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના લશ્કરી હુમલાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિક્રિયાઓનો માહોલ સર્જાયો છે, જેમાં પશ્ચિમ એશિયામાં વ્યાપક સંઘર્ષ ફાટી નીકળવાની આશંકા વચ્ચે વિશ્વના નેતાઓએ ધીરજ રાખવા અને રાજદ્વારી વલણ અપનાવવાની હાકલ કરી છે. યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે પ્રાદેશિક સ્થિરતાના મહત્વ પર ભાર મૂકતા અમેરિકાની કાર્યવાહીને સમર્થન આપ્યું હતું. સોશિયલ મીડીયા સંદેશમાં તેમણે કહ્યું હતું કે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર વિકસાવવાની મંજૂરી આપી શકાય નહીં અને અમેરિકાએ તે ખતરાને દૂર કરવા માટે પગલાં લીધાં છે.

અમેરિકાના હવાઈ હુમલાઓ બાદ ચિંતા વ્યક્ત કરતા, ફ્રાન્સે અમેરિકા, ઈરાન અને ઇઝરાયલને ધીરજ રાખવા વિનંતી કરી જેથી પ્રદેશમાં સંઘર્ષ લંબાય તેવી કોઈપણ સ્થિતિ ટાળી શકાય.

ઓસ્ટ્રેલિયા, એ પણ ઈરાનના પરમાણુ અને બેલિસ્ટિક મિસાઇલ કાર્યક્રમને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ખતરો ગણાવ્યો.

. . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# CHHATTISGARH - AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સભ્ય સમાજમાં હિંસા અને લાલ આતંકવાદને કોઈ સ્થાન નથી. તેમણે કહ્યું કે સરકારે નક્સલવાદને જડમૂળથી નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો છે અને તે ટૂંક સમયમાં પૂર્ણ કરશે. તેઓ છત્તીસગઢના નવા રાયપુરના બંજરી ગામમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય અને કેન્દ્રીય રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનો શિલાન્યાસ કર્યા બાદ તેમણે જણાવ્યું હતું કે

છત્તીસગઢમાં ફોજદારી ન્યાય પ્રણાલીને આધુનિક બનાવવા માટે આ નવી પહેલ કરવામાં આવી છે.

(બાઇટ: -AMIT-SHAH--3-INITIATIVE)

કેન્દ્રીય ગૃહમંત્રીએ આવતા વર્ષે માર્ચ સુધીમાં નક્સલવાદને સંપૂર્ણપણે નાબૂદ કરવાના તેમના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે જે રીતે સુરક્ષા દળો છત્તીસગઢ સહિત વિવિધ રાજ્યોમાં ઝુંબેશ ચલાવી રહ્યા છે, તે જોતાં લક્ષ્ય ટૂંક સમયમાં પ્રાપ્ત થશે.

(બાઇટ: AMIT-SHAH--END-OF-NAXALISM)

શ્રી શાહે નક્સલ વિરોધી કામગીરીની સમીક્ષા કરવા માટે રાયપુરમાં સાત નક્સલ પ્રભાવિત રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક પણ યોજી હતી.

. . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું. આગામી ત્રણથી ચાર દિવસ સુધી ઉત્તરપશ્ચિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં પણ ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હિમાચલ પ્રદેશ, લદ્દાખ, જમ્મુ-કાશ્મીર અને પંજાબના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. 24 જૂન સુધી તમિલનાડુ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ અને રાયલસીમાના અલગ-અલગ ભાગોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની સંભાવના છે.

. . . . . . . . . . .

# SPECIAL FEATURE- 11 YEARS OF GOVT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતો દ્વારા સંચાલિત, ભારતે એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તન કર્યું છે. આકાશવાણી સમાચાર તમને છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં સરકારના પ્રયાસો પર એક વિશેષ લેખ રજૂ કરે છે. આજે, અમે ભારતની ઊર્જા ક્રાંતિ - સાહસિક સુધારાઓના એક દાયકા, રેકોર્ડ ક્ષમતા વૃદ્ધિ અને સ્વચ્છ, વિશ્વસનીય અને સમાવિષ્ટ ઊર્જા માટે મજબૂત દબાણ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

(વોઇસ કાસ્ટ: 1415--AKSHIT--11-YEARS)

. . . . . . . . . . .